# પ્રીમિયર સ્કુલ લીગમાં દિવાન બલ્લુભાઈએ સેવન્થ ડે એડવેન્ટીસ્ટને અને જ્યોતિ વિદ્યાવિહારે આનંદ નિકેતન શીલજને પરાજય આપ્યો

અમદાવાદ, ડિસેમ્બર ૨૦૧૭: ધ અરેના બાય ટ્રાન્સસ્ટેડિયા પ્રીમિયર સ્કુલ લીગમાં બીજા દિવસની ગ્રુપ સ્ટેજ મેચમાં ઉદ્દ્ગમ સ્કુલે અપોલો ઈન્ટરનેશનલને ૬૨ – ૩૩થી પરાજય આપ્યો.

ગંગાબા સ્કુલ અને પ્રગતિ સ્કુલ વચ્ચે ચાલેલી રોમાંચક મેચમાં ગંગાબાએ પોતાની ચેતાને જાફવી રાખતા પ્રગતિ સ્કુલને ૪૦ – ૩૪થી પરાજય આપ્યો હતો. બીજી મેચોમાં, રચના સ્કુલે પોતાનું ઉત્કૃષ્ટ પરફોર્મન્સ આપી કુમકુમ ઈંગ્લિશ મીડિયમને (૭૬-૩૯) ૩૭ પોઈન્ટની લીડ સાથે પરાજય આપ્યો હતો. બી જે તોમર હિન્દી પ્રાથમિક શાફાએ સી એન કિશોર વિદ્યાલયને (૬૨-૨૧) ૪૧ પોઈન્ટની લીડ સાથે પરાજય આપ્યો હતો.

કબડ્ડી લીગની ક્વાર્ટર, સેમી – ફાઈનલ અને ફાઈનલ ૨૧મી ડિસેમ્બરના રોજ ધ અરેના બાય ટ્રાન્સસ્ટેડિયા ખાતે સવારે ૮:૦૦ કલાકથી યોજવામાં આવશે.